ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૩-૨૦૧૪, સોમવાર

તંત્રી સ્થાનેથી....

હવે કૉંગ્રેસ ગુજરાતમાં પ્રતિષ્ઠા બચાવી શકશે...

વિવિધ વિરોધાભાસો અને અટકળો વચ્ચે કૉંગ્રેસે એના ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી દીધી છે જેમાં રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને નંદન નીલેકણી તથા મોહમંદ કૈફ જેવી સેલિબ્રિટીઝ તથા વાજપેયીનાં ભાણી કરુણા ઉપરાંત ગુજરાતના નવ ઉમેદવારોનાં નામ સામેલ છે. શંકરસિંહ વાઘેલાએ શરૂથી જ સાબરકાંઠાની લોકસભાની બેઠક પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, જે અનેક પ્રકારના વાંધાવચકા છતાં એમને ફાળવી દેવાઈ છે. શંકરસિંહ વાઘેલા જેવા મોટા ગજાના નેતાને નારાજ કરીને હાઈકમાંડ ગુજરાતમાં મોદીને છૂટોદોર આપી શકે એમ જ નહોતો. કૉંગ્રેસના ઘણા બધા ખેરખાં મોદી-વાવાઝોડાથી ડરી જઈને. ચૂંટણી જંગમાં ઊતરવાના મુદ્દે આનાકાની કરી રહ્યા છે ત્યારે વાઘેલાએ સાબરકાંઠાની બેઠક પરથી ચૂંટણી લડવાની બાબતને લગભગ પ્રતિષ્ઠાનો જંગ બનાવી દીધો હતો. ૨૦૧૨ના અંતે થયેલ ધારાસભાની ચૂંટણીમાં સાબરકાંઠામાં કૉંગ્રેસ ખૂબ સારો દેખાવ કર્યો હતો. બાકીના ગુજરાતમાં મોદી-મોજું ફરી વળ્યું હતું ત્યારે આ છેવાડા મુલકની સાત પૈકી એક માત્ર ઈડરની અનુસૂચિત જાતિ માટેની બેઠકથી જ ભાજપને સંતોષ લેવો પડ્યો હતો. એ પછીના સમયમાં સાબરમતીમાંથી ઘણાં પાણી વહી ગયાં છે અને મોદીનું રાજકીય કદ તેમજ વજૂત સતત વધતું રહ્યું છે. એમને ભારતીય જનતા પાર્ટીના ત્રણ વરિષ્ઠો- અડવાણી, સુષમા સ્વરાજ અને મુરલી મનોહર જોષીના સજ્જડ વિરોધ વચ્ચે પણ વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર કરાયા છે અને દેશભરમાં એકમાત્ર મોદી જ પક્ષના પ્રતીક તરીકે તેમજ રાષ્ટ્રીય હીરો તરીકે છવાઈ ગયા છે. આવા કપરા સંજોગોમાં કૉંગ્રેસ માટે મોદીના હોમસ્ટેટમાં પોતાની હાજરી બતાવવાનું ઘણું અઘરું બની જાય તે સ્વાભાવિક હતું. અનેક દિગ્ગજ નેતાઓએ કૉંગ્રેસને છેહ દઈ મોદીની શરણાગતિ સ્વીકારી લીધી છે જેમાં શંકરસિંહ વાઘેલાના મૂળ ગોત્રના રાજપા-વંશીઓની બહુમતી છે. આથી ક્યારેક તો ખુદ વાઘેલા સમય જોઈને કેશુભાઈ પટેલની જેમ 'વાણિયા મૂછ નીચી' વાળી કરી બેસે અને ભાજપના જ ઉમેદવાર તરીકે સાબરકાંઠાની કે ગાંધીનગરની સંસદની બેઠક લડે, અથવા મોદીને વડાપ્રધાન બનાવી પોતે ગુજરાતની ગાદી સંભાળી લે એવી અફવાએ જોર પકડ્યું હતું. અગાઉ શંકરસિંહ વાઘેલાએ ગાંધીનગરની એમની કેળવેલી સલામત બેઠકનું વાજપેયી માટે બલિદાન આપેલું, તે પણ હજી ભાજપની નેતાગીરીને ભુલાયું ન જ હોય. પરંતુ વાઘેલા તો 'બાપુ' છે. એકવાર ભાજપ સાથે છેડો ફાડી દીધા પછી આ પાર કે પેલે પારની લડાઈ લડી લેવાની તૈયારી સાથે એમણે જે નિવેદન આપ્યું હતું તે એમના વ્યક્તિત્વની ચશકલગી બની રહેશે. એમણે કહ્યું હતું કે ભાજપ ગુજરાત તો શું દેશ આખાનું શાસન સોનાની થાળીમાં અર્પણ કરે તો પણ તેઓ પાછા ફરવા તૈયાર નથી. વાઘેલા એક 'માસ લીડર' છે. કૉંગ્રેસમાં માધવસિંહ સોલંકી અને ચિમનભાઈ પટેલની રાજકીય પડદેથી વિદાય થયા પછી કોઈ 'માસ લીડર' બચ્યો નહોતો જે એને વણમાગ્યે, વાઘેલા સ્વરૂપે ભારતીય જનતા પાર્ટીએ સામેથી ઉપલબ્ધ કરાવ્યો હતો. શંકરસિંહ વાઘેલાના વફાદાર સાથીઓનું સૌરાષ્ટ્રમાં પણ ખાસ્સું વર્ચસ્વ હતું. પરંતુ વિઠ્ઠલ રાદડિયા અને જશા બારડ જેવા જૂના જોગીઓએ ભાજપનો ખેસ પહેરી લેતાં વાઘેલાબાપુએ હવે મોદી સામે લાકડાની તલવારે લડવા જેવો ઘાટ થયો છે. કેજરીવાલ જેવી લોકલુભાવન ઈમેજ ધરાવતો કોઈ નેતા કૉંગ્રેસ પાસે નથી. રાહુલ ગાંધીનો પનો ઘણો ટૂંકો પડે છે. તે જોતાં આગામી ચૂંટણીમાં ગુજરાતનો ગઢ ઘણો મોદી ખાતામાં જતો અટકાવવા માટે વાઘેલાના નેતૃત્વ પર જ બધાની નજર ટૂંગાયેલી રહેશે. દક્ષિણ ગુજરાતમાં પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીની ઈમેજના બળ પર ડો. તુષાર ચૌધરી અને મધ્ય ગુજરાતમાં પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના પુત્ર ભરત સોલંકી ઉપરાંત દાહોદની બેઠક પર ડો. પ્રભા તાવિયાડ જેવાં ઉમેદવારોને રિપીટ કરાયાં છે, પરંતુ પાટણના ઝુઝારુ સાંસદ જગદીશ ઠાકોર અને નડિયાદમાં સતત વિજેતા થતા રહેલા દિનશા પટેલ ચૂંટણી લડવા તૈયાર નહીં હોવાના અહેવાલો કૉંગ્રેસમાં ચૂંટણી પહેલાં જ હારી જવાની બીક પ્રવર્તી રહી હોવાનાં એંધાણ છે.

ચિલોડા શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક શાળાનો રંગારંગ વાર્ષિકોત્સવ દબદબાપૂર્વક ઉજવાયો

૧૫૦થી વધુ નાના ભુલકાંઓએ સુંદર સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી વાલીઓને મંત્રમુગ્ધ કર્યા

ચિલોડા, તા.૯

ગાંધીનગર તાલુકાની ચિલોડા મોટા શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક શાળાનો સૌ પ્રથમ 'રંગારંગ' વાર્ષિકોત્સવ ગણેશ વંદનાના થીમ પર આધારિત બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા સુંદર કૃતિઓ રજૂ કરી સૌ વાલીઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કાર્યક્રમની શરૂઆત 'તેરી પનાહ મેં હમેં રખના' પ્રાર્થનાથી શુભારંભ થયો હતો. આ સાંસ્કૃતિક કાર્યક્રમના પ્રારંભમાં શાળાના આચાર્યશ્રી માનસિંહ ચૌધરીએ મહેમાનોનો પરિચય અને શાબ્દિક સ્વાગત દ્વારા સર્વે મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મહાનુભાવોનું ફુલહારથી સ્વાગત કરી દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. આ કાર્યક્રમમાં સમારંભના અધ્યક્ષ સ્થાને શ્રી ગીરીશભાઈ રાવલ અતિથિ સ.ગુ. શાસ્ત્રીજી સ્વામી ચૈતન્ય સ્વરૂપદાસજી સ્વામિનારાયણ વલ્લભદાસજી, વિશ્વ સ્વરૂપદાસજી તથા સ્વામી બાલ સ્વરૂપ દાસજી વગેરેએ ઉપસ્થિત રહીને પ્રેરણાદાયી પ્રવચન કરી આર્શીવચનો પાઠવ્યા હતાં.

આ કાર્યક્રમમાં શાળાના બાળ કલાકારોએ એક પછી એક રંગારંગ અને અદભૂત સાંસ્કૃતિક મનોરંજક કાર્યક્રમોની કૃતિઓ રજૂ કરી હતી. જેમાં કેજી૧/૨ના બાળકોથી ધોરણ-૮ના બાળકોએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાર્થીઓ દ્વારા ગણેશવંદના કરવામાં આવી હતી. ત્યારબાદ અભિનય ગીત, દેશભક્તિ ગીત, લોકનૃત્યો, ફિલ્મીનૃત્યો, ગરબો, નાટક, પંજાબી લોકનૃત્ય વેસ્ટર્ન ડાન્સ, લુંગી ડાન્સ, રાજસ્થાની લોકનૃત્ય, બર્નિંગ રીંગ, દેશ રંગીલા-ગરબો, પિરામીડ વગેરે અલગ અલગ રાજયોના નૃત્યો કરી ઉપસ્થિત વાલીઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કાર્યક્રમમાં ચિલોડા વિસ્તારના આજુબાજુ ગામોમાંથી મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી કાર્યક્રમને સફળ બનાવવા સહભાગી બન્યા હતાં. આ પ્રસંગે ગામના અગ્રણી આગેવાનોમાં પૂર્વ સરપંચ કેશાભાઈ પટેલ, રમણભાઈ પટેલ, ગામના સરપંચ સવાજી ઠાકોર, યાકુબભાઈ મનસુરી, કેળવણી મંડળના સભ્યો અશોકભાઈ રાવલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

હરિની દૃષ્ટિ...



આણંદના ડોકટરે સૌ પ્રથમવાર ફુડ સપ્લીમેન્ટ દ્વારા સ્ટેમસેલ થેરેપી વિકસાવી

ગાંધીનગર, તા.૯

આણંદ તાલુકાના નાના એવા ગામ અજરપુરાના વતની ડો. રામભાઈ પટેલે આખા વિશ્વમાં સૌ પ્રથમવાર ફુડ સપ્લીમેન્ટ દ્વારા સ્ટેમસેલ થેરેપીની પધ્ધતિ વિકસાવી તબીબી દુનિયામાં ચમત્કાર સર્જ્યો હોવાનો દાવો કરાયો છે. અનેક સંશોધન બાદ તેઓએ આણંદમાં મલ્ટી ફંકશન સ્ટેમસેલ થેરેપી વિકસાવી તેના અમલની શરૂઆત કરી દીધી છે.

બ્રીડીંગ બાયોલોજી અને બાયો કોમેસ્ટ્રીમાં એમ.એસ.સી.ની પદવી બાદ એમ.એસ. યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી. કરનાર ડૉ. રામભાઈ પટેલ આર્થરાઈટીસ, એલબોપેઈન, એન્કલપેઈન, લીગામેન્ટ બ્રેકેજ, વુડ હીલીંગ, ઈન્ટરનલ અને એક્ટર્નલ કોલાઈટીસ, ચીકનગુનિયા જેવા રોગોનો ઈલાજ કરે છે. તેમણે શોધેલી ફુડ સપ્લીમેન્ટ દ્વારા

સ્ટેમસેલ થેરેપી દ્વારા તેઓ આ રોગોને સંપૂર્ણ રીતે નાબૂદ કરવા માંગે છે. આ સ્ટેમસેલ મલ્ટી ફંકશન ટોટલી નેચરલ ફુડ સપ્લીમેન્ટ પ્રોડકટ હોવાનો અને તેની કોઈ જ આડઅસર ન હોવાનો તેનો દાવો છે. આ પ્રોડકટને ખોરાક અને ઔષધ નિયંત્રણ દ્વારા માન્યતા પણ મળી હોવાનું તેમણે જણાવ્યું હતું.

સીએના વિદ્યાર્થી માટે ICAI નામે ટીવી ચેનલ લોન્ચ કરાશે

દ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા વિદ્યાર્થીઓને મદદરુપ થવા માટે આગામી દિવસોમાં એક ટીવી ચેનલ શરૂ કરવામાં આવનાર છે. આ ચેનલ આઈસીએઆઈના નામે ઓળખાશે. આ ચેનલમાં સીએ ઈન્સ્ટિટ્યુટ, સીએ સ્ટુડન્ટ્સના વિવિધ પરીક્ષા માટેના અભ્યાસક્રમો અને સીએના સભ્યોને લાગતા સમાચાર પ્રકાશિત કરવામાં આવશે. આઈસીએઆઈ અને એમએચઆરડી વચ્ચે એમઓયુ ત્રણ માર્ચે કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ ચાર્ટર્ડ એકાઉન્ટ્સનો કોર્ષ પાસ કરવો એ એક પડકાર ગણવામાં આવે છે. તેમાંય ખાસ કરીને સીએનો અભ્યાસક્રમ એ વિદ્યાર્થીઓ માટે લોઢાના ચણા સમાન લાગે છે. આ અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને સમાજમાં આવે તે માટે હવે વિદ્યાર્થીઓની ખ્યારે દ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા આવ્યું છે.

સેકટર-૩-ડીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૯

મેલડી આનંદ ગરબા મંડળના મધુબેન કડીકરના કંઠે આનંદનો ગરબો ૧૧ માર્ચ મંગળવાર, બપોરે ૨ થી ૫ સુધી રંજનબેન કાપડિયાના નિવાસ સ્થાન પ્લોટ નં. ૧૦૨૫/૨, સેકટર-૩-ડી ખાતે યોજાશે. ભાવિ ભક્તોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

દશેલા ખાતે ગૃહ રક્ષક દળ (જી.આર.ડી.) તાલીમ કેમ્પ યોજાયો

ગાંધીનગર તાલુકાના દશેલા ગામે ગાંધીનગર માનદ્ અધિકારી ડૉ. નિખીલભાઈ શાહની રાહબરી હેઠળ જી.આર.ડી. તાલીમ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં દશેલા ગામના આજુબાજુના ગામોના ગૃહ રક્ષક દળના ઉત્સાહી જવાનો હાજર રહ્યા હતાં. આ પ્રસંગે ગામના સરપંચશ્રી જશુભાઈ ચૌધરી તાલુકા હે.કો. મહેન્દ્રસિંહ ગોહિલ, તાલુકા પ્રમુખ શ્રી કાળુસિંહ રાઠોડ તથા ગામના અગ્રણી આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં. આ કેમ્પ દ્વારા ૫૦થી વધુ જી.આર.ડી.ના સભ્યોએ યોગ્ય તાલીમ મેળવી સજ્જતા મેળવવા પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી.

ગાંધીનગર તાલુકાનું એક માત્ર સુપ્રસિધ્ધ યાત્રાધામ તરીકે આસ્થા અને શ્રધ્ધાના પ્રતિક સમા ડભોડા ખાતે ડભોડિયા હનુમાન મંદિરે દર શનિવારે ભકતો આવી 'દાદા' પ્રત્યે અસીમ ભકિત વ્યકત કરવા તલપાપડ બન્યા છે. દર શનિવારે ભકિત માર્ગને અનુસરતા શ્રધ્ધાળુ વહેલી સવારથી મોડી સાંજ સુધી મંદિરના પરિસરમાં પધારી તેલ, સુખડી, માળા, સિંદુર તથા શ્રીફળ ચઢાવી અસીમ ભકિત તથા કઠોર તપ દર્શાવી રહ્યા છે. મંદિરના સૂત્રોના જણાવ્યા પ્રમાણે દર શનિવારે ૪૦ ડબ્બા તેલનો અભિષેક, ૨ થી ૩ લાખનો સુખડીનો પ્રસાદનો લ્હાવો ભકતજનો દ્વારા અર્પણ કરવામાં આવે છે. આમ મંદિરના પવિત્ર પરિસરમાં પધારી હનુમાન ચાલીસાનું રટણ કરી અતૂટ શ્રધ્ધા વ્યકત કરી રહ્યા છે. અમુક ભકતજનો ખુલ્લા પગે પદયાત્રા કરી નિયમિત મંદિર આવી દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવે છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

મોડી રાત સુધી વાગતા લાઉડ સ્પિકરથી વિદ્યાર્થી મુશ્કેલીમાં

અમદાવાદ,તા.૯

અમદાવાદમાં નિયમોનું ઉલ્લંઘન કરીને મોડી રાત સુધી લાઉડ સ્પીકરો વગાડવામાં આવતા હોવાની ફરિયાદો ઉઠી છે. ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાને આડે હવે માત્ર બે દિવસો બાકી છે ત્યારે વિદ્યાર્થીઓને આ લાઉડ સ્પીકરોના ઘોંઘાટના કારણે અભ્યાસમાં મુશ્કેલી પડે છે. રાત્રિના ૧૦ વાગ્યા પછી લાઉડ સ્પીકરો વગાડવા પર પ્રતિબંધ હોવા છતાં આ નિયમના થઈ રહેલા ઉલ્લંઘન સામે પોલીસ તંત્ર કસૂરવારો સામે પગલાં ભરવામાં બેદરકારી દાખવી રહ્યું હોવાથી સ્થાનિક લોકોમાં રોષ વ્યાપ્યો છે. અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં મોડી રાત સુધી વાગતા લાઉડ સ્પીકરો પ્રજાજનો માટે હવે માથાના દુખાવારુપ સાબિત થવા લાગ્યા છે. હોળાષ્ટક નજીકમાં છે ત્યારે મોડી રાત સુધી વાગતા લાઉડ સ્પીકરોથી પ્રજાજનો ત્રાહિમામ પોકારી ગયા છે. ધોરણ ૧૦ અને ૧૨માં બોર્ડની પરીક્ષાઓ તથા એ પછી શાળા અને કોલેજની વાર્ષિક પરીક્ષાઓને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે વિદ્યાર્થીઓ મોડી રાત સુધી ઉજાગરા કરરીને અભ્યાસ કરતા હોય છે. વિદ્યાર્થીઓ વહેલી સવારે ઉઠીને વાંચતા લખતા હોય છે. મોડી રાત સુધી વાગતા ભૂંગળાથી ખલેલ પહોંચે છે. લાઉડ સ્પીકરો અને ડી.જે. પર ફિલ્મી ગીતો અને ગરબા બેરોકટોક રીતે વગાડવામાં આવતા હોય છે. શહેરના વિવિધ વિસ્તારો જેવા કે નવરંગપુરા, નારણપુરા, ઘાટલોડિયા, રાણીપ, સેટેલાઈટ, એસજી હાઈવે તેમજ પાર્ટીપ્લોટની આસપાસમાં રાત્રિના ૧૧-૧૨ વાગ્યા પછી પણ લાઉડ સ્પીકરો વાગતા હોવાનું શહેરીજનો જણાવી રહ્યા છે. મોડી રાત સુધી વાગતા લાઉડ સ્પીકરોના ઘોંઘાટથી વૃદ્ધો, બીમાર દર્દીઓ તથા આમ નાગરિકોને પણ હાલાકી વેઠવી પડે છે. તેમાંય સોલા સિવિલ હોસ્પિટલ સહિત બીજી ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓ સારવાર લેતા હોય છે તેઓને પણ ત્રાસ વેઠવો પડતો હોવાની ફરિયાદ ઉઠી છે. રહેઠાણ વિસ્તારોમાં અને જાહેર માર્ગો પર બેરોકટોક રીતે આતશબાજી કરીને પણ અવાજનું બારે પ્રદૂષણ ફેલાવવામાં આવી રહ્યું છે.

મહિલાદશક વર્ષની ઉજવણીનો સંદેશ વિશ્વભરમાં પ્રસરાયો અને આજે શેરીએ શેરીએ અને ગલીએ ગલીએ

મહિલા સમાજ અને કાયદો - અંક-૩૪
ડૉ. ભાવના કે. જોશીપુરા

૮મી માર્ચ, ૨૦૧૪ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી વિશ્વભરમાં થઈ. ૧૯૭૫માં જાહેર થયેલ આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ અને ત્યાર બાદ ૧૯૭૫થી ૧૯૮૫ સુધી મહિલાદશક વર્ષની ઉજવણીનો સંદેશ વિશ્વભરમાં પ્રસરાયો અને આજે શેરીએ શેરીએ અને ગલીએ ગલીએ મહિલા દિનની ઉજવણી થઈ છે તો ચાલો આપણે પણ સ્ત્રીઓ સંદર્ભે લાંબા સમયથી ચાલી આવતી લડત અને તબક્કાવાર થયેલ પરિષદો, મહાપરિષદોએ સંદર્ભમાં જોઈએ.

૧૮૫૭માં અમેરીકાની કાપડ- સૂતરની મિલોના મહિલા કામદારોએ કામની કલાકો ઘટાડવા અને કામની પરિસ્થિતિ સુધારવા માટે સફળ સંઘર્ષ કર્યો, કામના કલાકો ૧૬ થી ઘટીને ૧૦ થયા, ૧૯૧૦માં કલેરા ઝેટકીને ૮ માર્ચને આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે જાહેર કર્યો, ૧૯૧૭માં રશિયામાં પેટ્રોગાર્ડન સ્ત્રી કામદારોએ 'રોટી, 'શાંતિ' અને 'જમીન' માટે હડતાલ પાડી અને આંદોલનની શરૂઆત કરી, આ તણખાએ રશિયાક્રાંતિની મશાલ પેટાવી અને ફેબ્રુઆરી ક્રાંતિની શરૂઆત થઈ, ૧૯૩૯માં સ્પેનની સ્ત્રીઓએ ફ્રાંસની દમનકારી સાશન પદ્ધતિ સામે મોરચો કાઢ્યો. ૧૯૪૩માં ઈટાલીની સ્ત્રીઓએ ચર્ચ, રસોડું અને બાલમંદિરમાં સ્ત્રીઓને બાંધી રાખવા માંગતા મુસોલીનીના ફાસીવાદનો વિરોધ કર્યો, ૧૯૪૬માં યુનાઈટેડ નેશન્શ (યુ.નો)માં માનવ અધિકારોના કમિશન હેઠળ સ્ત્રીઓના સવાલો પ્રત્યે ધ્યાન આપવા માટેના પેટા કમિશનની માંગણી સ્વીકારી અને સ્ત્રીઓનું સ્થાન (**Status of Woman, Commission**)ની પ્રથમ મીટીંગ થઈ. ૧૯૪૮માં યુનોની સામાન્ય સભામાં 'માનવ અધિકારોનું જાહેરનામું' સ્વીકારવામાં આવ્યું, જેના આધારે વિશ્વભરમાં માનવ અધિકારો માટેનો સંઘર્ષ વધુ મજબૂત બન્યો, ૧૯૫૧માં આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (**I.L.O.**) દ્વારા સ્ત્રી અને પુરુષ કામદારોને સરખું વેતન આપવા અંગેનો ઠરાવ સ્વીકારવામાં આવ્યો. ૧૯૫૨માં રાજકારણમાં સ્ત્રીઓના અધિકારોનો ખરડો યુનો દ્વારા સ્વીકારવામાં આવ્યો. ૧૯૬૦માં ૨૫ નવેમ્બરના રોજ ડોમીનીકલ રીપબ્લીકમાં સરમુખત્યાર જિલ્લો સામે માથું ઉંચકનાર રાજકીય કાર્યકર મીરાવલ બહેનોની ક્રૂર હત્યા કરવામાં આવી, ૧૯૮૧થી આ દિવસ સ્ત્રી વિરોધી હિંસા સામેના દિવસ તરીકે ઉજવાય છે, ૧૯૬૧માં લેટીન અમેરિકામાં પેરુગ્વે દેશમાં સ્ત્રીઓને મતાધિકાર મળ્યો અને લેટીન અમેરિકામાં મતાધિકાર માટેની લડતનો સફળ અંત આવ્યો.

૧૯૬૧માં ઈરાનમાં કુટુંબ રક્ષક કાનૂન (**Familu Protection Law**) હેઠળ સ્ત્રીઓને પતિની પરવાનગી વગર નોકરી કરવાની છૂટ ન હતી જેથી આ મર્યાદા દૂર કરવામાં આવી, ૧૯૭૦માં રાત્રી પર સ્ત્રીઓનો અધિકાર સ્થાપિત કરતી (**Take back the night**)ની શરૂઆત થઈ, રસ્તા પર સ્ત્રીઓ અને બાળકીઓ માટે સલામતી માંગતી આ લડત દુનિયાના અનેક દેશોમાં પ્રસરી છે, ૧૯૭૪ વિયેટનામની સ્ત્રીઓએ અમેરિકાના સામ્રાજ્યવાદી આક્રમણ સામે ઝુંબેશ ઉઠાવી, ૧૯૭૫માં સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુ.એન.ઓ.) મેકસીકો કોન્ફરન્સમાં આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષની જાહેરાત કરી અને દુનિયાભરની સ્ત્રીઓએ મહિલા વર્ષની ઉજવણી દરમ્યાન અનેક કાર્યક્રમો કર્યા, ત્યાર બાદ સમાનતાં, વિકાસ અને શાંતિના નારા સાથે ૧૯૭૫ થી ૧૯૮૫ દરમ્યાન મહિલા દશક ઉજવવાનો નિર્ણય લેવાયોમાં, મેકસીકોમાં સરકારી પરિષદ ઉપરાંત સ્વૈચ્છિક સ્ત્રી સંગઠનો દ્વારા સમાંતર બિનસરકારી પરિષદ યોજાઈ, જેમાં દુનિયાભરની ૬૦૦૦ જેટલી સ્ત્રીઓએ ભાગ લીધો. ૧૯૭૯માં યુનાઓમાં સીડો (કન્વેન્શન ઓન એલીમીનેશન ઓફ ઓલ ફોમ્સ ઓફ ડીસ્ક્રીમીનેશન અગેઈન્સ વીમેન) સ્ત્રીઓના સંપૂર્ણ વિકાસ અને પ્રગતિ માટે સ્ત્રીઓને બીબાદાળ ભૂમિકા પર આધારિત સામાજિક અને સાંસ્કૃતિક પ્રણાલિકાઓ બદલીને જીવનમાં તમામ ક્ષેત્રોમાં સ્ત્રીઓના સમાન અધિકારનો ખરડો સ્વીકારાયો.

૧૯૮૦માં મહિલા દાયકા માટે નક્કી થયેલ ધ્યેયોની પ્રગતિનું મૂલ્યાંકન કરવા બદલ મધ્યદાયકાની પરિષદ કોપન હેગનમાં યોજાઈ, જેમાં દાયકા માટે નક્કી કરેલા સૂત્રોમાં સમાનતા, વિકાસ અને શાંતિની સાથે શિક્ષણ, કામ અને સ્વાસ્થ્યના ધ્યેયોનો ઉમેરો કરવામાં આવ્યો. ૧૯૭૯માં ઈરાનમાં ૫૦,૦૦૦ કરતાં વધુ સ્ત્રીઓ 'ચાદર' (બુરખો) સામે વિરોધ વ્યકત કરવા રસ્તા પર આવી અને ત્યાં નારીમુક્તિ આંદોલનનાં મંડાણ થયાં. ૧૯૮૦માં ભારતમાં મથુરા બળાત્કાર કેસના સંદર્ભમાં રાષ્ટ્રવ્યાપી બળાત્કાર વિરોધી ચળવળ શરૂ થઈ. પરિણામે સરકારને બળાત્કારને લગતા કાયદામાં કેટલાક સ્ત્રીઓ તરફી સુધારા કરવાની ફરજ પડી. ૧૯૮૧માં યુરોપની સ્ત્રીઓએ સ્વતંત્ર, સલામત અને કાનૂની ગર્ભપાત માટે લડત શરૂ કરી. ૧૯૮૩માં સ્ત્રીઓની જાતીય ગુલામી સામેના આંતરરાષ્ટ્રીય સંકલન દ્વારા, વેશ્યા બનાવવા તથા તમામ પ્રકારની જાતીય ગુલામી સામે નેધરલેન્ડમાં મળેલ પરિષદમાં અવાજ ઉઠાવવામાં આવ્યો. ૧૯૮૫માં ૧૯૭૫ થી ૧૯૮૫ દરમ્યાન ઉજવાયેલ આંતરરાષ્ટ્રીય મહિલા દશકનું સરવૈયું કાઢવા નૈરોબીમાં આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ જેમાં ૨૦૦૦ની સાલ સુધીમાં સ્ત્રીઓની પ્રગતિ માટે આગામી રણનીતિઓ (**Forward Looking Stralegies**) નક્કી કરવામાં આવી, આ પરિષદની સમાંતરે યોજાયેલ બિન સરકારી સંગઠનોની પરિષદમાં આશરે ૧૫૦૦૦ સ્ત્રીઓએ ભાગ લીધો, ૧૯૯૯માં કેનેડામાં એન્જિનીયરીંગ કોલેજની ૧૪ વિદ્યાર્થીનીઓને 'તેઓ નારીવાદી છે' કહી એક પુરુષે તેમની હત્યા કરી, આ પ્રસંગથી કેનેડાના સમાજમાં સ્ત્રી વિરોધી મૂલ્યો કેટલાં ઊંડા છે તેની ચર્ચા શરૂ થઈ, ૧૯૯૦માં આ વર્ષ સાર્ક (દક્ષિણ એશિયાના દેશોનો સમૂહ)ના દેશો માટે બાલિકા વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું, આ દેશોમાં પ્રવર્તતા પુત્ર લાલસા અને સ્ત્રી તિરસ્કારને ધ્યાનમાં રાખીને સંઘર્ષો- કાર્યક્રમો થયા. ભારતમાં અનેક શહેરોમાં ગર્ભજાતિ પરિક્ષણ સામે આંદોલન, જાગૃતિ કાર્યક્રમો થયા, ૧૯૯૫માં બેઝીંગ કોન્ફરન્સ થઈ.

વૈશ્વિક કક્ષાએથી મહિલાઓ સંદર્ભમાં જાહેર થયેલ સ્લોગન બાબતે જો આપણે એક દૃષ્ટિપાત કરીએ તો, છેલ્લે દશકમાં મહિલા હિંસાની વાત સાથે મહિલાઓ તથા બાળકોનો અનૈતિક વેપાર તે અંગે વૈશ્વિક જાગૃતિનો સંદેશ આવ્યો, તો વળી ત્યારબાદ સમાનતાની બાબત સાથે શિક્ષણ વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ વધારવા સંદર્ભની ઝુંબેશ ચાલુ થઈ. નિર્ણય શક્તિમાં ભાગીદારીની બાબત પણ અસ્તિત્વમાં આવી સાથે સાથે ઘર બહારના પડકારોનો સામનો કરવા માટે સ્ત્રી જગતને સુસજ્જ થવાની હાકલ પણ થઈ. આ બધી બાબત સાથે આખા સમાજે એકરૂપ થઈને એટલે કે સમાજનો સ્ત્રી અને પુરુષ બંને વર્ગે એક થઈને સ્ત્રી હિંસાને રોકવા માટેની ભલામણ થઈ, ગ્રામ્ય કક્ષાએ સ્ત્રી આત્મનિર્ભરતા વધે, સ્ત્રી સ્વાવલંબન ક્ષેત્રમાં કામગીરી વધે તે સંદર્ભે સુચનો થયાં અને ગત વર્ષે જાતીગત જાગૃતિ એજ વિકાસનો ઉદ્દીપક તે બાબત અસ્તિત્વમાં આવી અને આ વર્ષે પરિવર્તનના વાહક બનવા સાથે વિકાસની કેડી કંડારવાની બાબત વૈશ્વિક સંદેશો છે.

૧૮૭૫થી ચાલુ થયેલી મહિલા અધિકારોની ચળવળ અને મહિલા સંસ્થાઓના માધ્યમથી તેમજ સ્ત્રી ચળવળકારોના માધ્યમથી શરૂ થયેલ લડત સંદર્ભે ૨૦૧૪ સુધી પહોંચી છે. તબક્કાવાર ચળવળ સાથે તબક્કાવાર કાયદાઓમાં પણ ફેરફાર આવ્યા છે. કાયદાઓના માધ્યમો સાથે મળીએ આવતા અંકે...